
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




# વર્ષ ૨૦૧૮ પછીની સૌથી ચિંતાજનક સ્થિતિ આજવાનું તળિયું દેખાતા વડોદરા કોર્પોરેશનમાં દોડધામ

**જો વરસાદ** ખેંચાશે તો શહેરમાં પાણી કાપ ઝીંકાય તેવી પ્રબળ શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના મુખ્ય જળસ્ત્રોત એવા ઐતિહાસિક આજવા સરોવરની સપાટીમાં ચિંતાજનક ઘટાડો નોંધાતાં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના સત્તાધીશો અને પાણી પુરવઠા વિભાગની ઊંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા આઠ વર્ષમાં પ્રથમ વખત એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે જ્યાં સરોવરનું જળસ્તર ૨૦૫ ફૂટની અત્યંત નજીક પહોંચી ગયું છે. આ પરિસ્થિતિને પગલે આગામી દિવસોમાં વડોદરાવાસીઓ પર પાણીનું સંકટ ઘેરાય તેવી પૂરેપૂરી સંભાવનાઓ વર્તાઈ રહી છે, જેને કારણે વડોદરા કોર્પોરેશનની ચિંતામાં મોટો વધારો થયો છે.

મળતી વિગતો અનુસાર, હાલમાં આ જવા સરોવરની જળસપાટી ઘટીને ૨૦૫.૬૮ ફૂટ પર પહોંચી ગઈ છે. અગાઉ વર્ષ ૨૦૧૮ દરમિયાન ચોમાસાની ખેંચ અથવા ઉનાળાના અંત ભાગમાં સરોવરની સપાટી આ પ્રકારે ૨૦૫ ફૂટની આસપાસ જોવા મળી હતી. ત્યારબાદ આ વર્ષે આઠ વર્ષના લાંબા સમયગાળા બાદ ફરી એકવાર જળાશય તળિયા ઝાટક થવાની અણી પર આવી ગયું છે. આજવા સરોવર ખાસ કરીને વડોદરા શહેરના પૂર્વ અને તેની આસપાસના વિસ્તારો માટે જીવાદોરી સમાન આશીર્વાદરૂપ માનવામાં આવે છે અને જો અહીં પાણી ખૂટી જાય તો મોટા જનસમુદાયને પીવાના પાણીની સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

પાણી પુરવઠાના ટેકનિકલ પાસાંઓ પર નજર કરીએ તો, સામાન્ય રીતે આજવા સરોવરની સપાટી જ્યારે ૨૦૯ ફૂટ કે તેથી વધુ હોય ત્યારે જ ગુરુત્વાકર્ષણ ના નિયમ આધારે કોઈ પણ પ્રકારના પમ્પિંગ વિના પાણી આપોઆપ વડોદરા શહેરના શુદ્ધિકરણ પ્લાન્ટ સુધી પહોંચે છે. પરંતુ વર્તમાન સમયમાં સપાટી ૨૦૫.૬૮ ફૂટ જેટલી નીચી જતી રહી હોવાથી પાણી પહોંચાડવા માટે તંત્રને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે અને વૈકલ્પિક વ્યવસ્થાઓ પર વિચાર કરવાની ફરજ પડી રહી છે.

હાલની સ્થિતિએ વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર મેઘરાજાની કૃપા પર નિર્ભર બન્યું છે. કોર્પોરેશનના અધિકારીઓ આશા રાખી રહ્યા છે કે ચોમાસાની વિધિવત શરૂઆત સાથે જ ઉપરવાસમાં સારો વરસાદ થાય અને આજવા સરોવરમાં પાણીની નવી સરેરાશ આવક શરૂ થાય. જો આગામી દિવસોમાં વરસાદ ખેંચાશે અથવા સરોવરના કેચમેન્ટ વિસ્તારમાં પૂરતો વરસાદ નહીં થાય, તો શહેરમાં પાણી કાપ કે અન્ય કટોકટી જેવા આકરા પગલાં લેવાની નોબત આવી શકે છે. હાલ તો વડોદરા કોર્પોરેશન સમગ્ર પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે.

## હરિનગર સાઈબાબા મંદિર પાસે લાઈનમાં ભંગાણ, રસ્તાઓ પાણી-પાણી!



સ્માર્ટ સિટી વડોદરામાં પીવાના પાણીના વેડફાટની વધુ એક ઘટના સામે આવી છે. હરિનગર બ્રિજ નીચે આવેલા સાઈબાબા મંદિર નજીક પીવાના પાણીની મુખ્ય પાઇપલાઇનમાં ભંગાણ સર્જાતા લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા અને ગટરોમાં વહી ગયું હતું. કોન્ટ્રાક્ટર દ્વારા ચાલી રહેલી કામગીરી દરમિયાન પાઇપલાઇનને નુકસાન પહોંચતાં આ સ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પાઇપલાઇનમાં લીકેજ શુક્રવારે બપોરથી શરૂ થયું હતું, છતાં તંત્ર કે કોન્ટ્રાક્ટર દ્વારા સમયસર સમારકામ કરવામાં આવ્યું ન હતું. શનિવારે સવારે પાણી પુરવઠો શરૂ થતાં જ દબાણના કારણે પાણી ફુવારાની જેમ બહાર નીકળવા લાગ્યું અને મોટી માત્રામાં પાણીનો વેડફાટ થયો હતો. ઘટનાને કારણે હરિનગર સહિત આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાયો હતો. અનેક ઘરોમાં પાણી પહોંચ્યું નહોતું અથવા ખૂબ જ ઓછા દબાણથી મળ્યું હતું. આ ઘટનાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોએ આક્ષેપ કર્યો છે કે અધૂરી અને બેદરકારીભરી કામગીરીના કારણે વારંવાર આવી સમસ્યાઓ સર્જાય છે. તેમણે તંત્રને પાણી પુરવઠો શરૂ કરતા પહેલાં પાઇપલાઇનનું યોગ્ય પરીક્ષણ કરવાની તેમજ જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ભંગાણનું કાયમી નિરાકરણ લાવી નાગરિકોને પડતી હાલાકી દૂર કરવાની અપીલ કરાઈ છે.

## મકરપુરામાં બંધ મકાનના બારીનો હુક તોડી ૧.૬૦ લાખના દાગીના-રોકડની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

મકરપુરા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત રૂ.1.60 લાખથી વધુની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

મકરપુરા વિસ્તારમાં એરફોર્સ સ્ટેશનની પાછળ સ્વામી રેસીડેન્સીમાં રહેતા નરેશભાઈ મલજીભાઈ રાઠવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા.10 જૂનની રાત્રિથી 11 જૂનની સવારે વચ્ચે અજાણ્યો ચોર ઘૂસ્યો હતો. તસ્કરે બેડરૂમની એલ્યુમિનિયમ બારીનો હુક તોડી અંદર પ્રવેશ મેળવી તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી રૂ.1.60 લાખની માલમત્તા ચોરી કરી ચોરો ફરાર થઇ ગયા હતા. ઘટનાની જાણ થતાં મકરપુરા પોલીસે પણ વિસ્તાર મા લગાવેલા સીસીટીવી ફૂટેજ અને ટેકનીકલ સોર્સીસની આધારે તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## ચરિત્ર હનન માટે પત્રિકા વહેંચવાનો આક્ષેપ

# પૂર્વ મેયર નીલેશસિંહ રાઠોડનો કાનૂની પ્રહાર, ત્રણ સામે ખાનગી ફોજદારી ફરિયાદ

**કોર્ટે** ફરિયાદ સ્વીકારી, ન્યાયિક તપાસ શરૂ



(પ્રતિનિધિ) વડોદરા, તા.20

વડોદરાના પૂર્વ મેયર નીલેશસિંહ રાઠોડે પોતાના ચરિત્ર હનનના કથિત કાવતરાને લઈને અલ્પેશ લિમ્બાચીયા સહિત ત્રણ વ્યક્તિઓ સામે કોર્ટમાં ખાનગી ફોજદારી ફરિયાદ દાખલ કરી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 223 હેઠળ દાખલ કરાયેલી આ ફરિયાદને વડોદરાની કોર્ટ દ્વારા સ્વીકારી લેવામાં આવી છે અને મામલો ન્યાયિક તપાસ હેઠળ લેવામાં આવ્યો છે.

પ્રેસ કોન્ફરન્સમાં નીલેશસિંહ રાઠોડે જણાવ્યું હતું કે તેઓ મેયર પદ પર હતા ત્યારે તેમના વિરુદ્ધ અનામી અને બદનક્ષીભરી પત્રિકા તૈયાર કરીને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પત્રિકા ભાજપના પ્રદેશ અને રાષ્ટ્રીય સ્તરના નેતાઓ તેમજ વડોદરા મહાનગરપાલિકાના સભ્યો સુધી પહોંચાડવામાં આવી હતી. આ સમગ્ર કૃત્ય પાછળ તેમની રાજકીય અને સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો હેતુ હોવાનું તેમણે આક્ષેપ કર્યો હતો.

તેમણે જણાવ્યું કે અગાઉ ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (DCB) દ્વારા કરવામાં આવેલી તપાસમાં ડિજિટલ અને ફોરેન્સિક પુરાવાના આધારે ચાર્જશીટ પણ દાખલ કરવામાં આવી ચૂકી છે. બીજી તરફ, આરોપીઓએ આ કાર્યવાહી સામે ગુજરાત હાઈકોર્ટમાં ક્વોશિંગ પિટિશન દાખલ કરી છે.

રાઠોડના કાયદાકીય સલાહકાર એડવોકેટ અમિષ દાદાવાલાના જણાવ્યા મુજબ, માનહાનિના કેસમાં ભોગ બનનાર વ્યક્તિને સ્વતંત્ર રીતે કાયદાકીય કાર્યવાહી કરવાનો અધિકાર છે. ફરિયાદી પક્ષે ત્રણેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 356 હેઠળ સમન્સ જારી કરવાની તેમજ દોષિત ઠરે તો દંડાત્મક વળતર વસૂલ કરવાની માંગ કરી છે.

નીલેશસિંહ રાઠોડે જણાવ્યું હતું કે જાહેર જીવનમાં કમાયેલી પ્રતિષ્ઠા પર થયેલા આ હુમલા સામે કાયદાકીય લડત અંત સુધી ચાલુ રહેશે.

## પિરામિતાર રોડ પર બાંધકામ દરમિયાન મુખ્ય માર્ગ કરાયો હતો બંધ

# પરવાનગી વગર રસ્તો બંધ કરનાર બિલ્ડર સામે પાલિકાની કાર્યવાહી, ૫ હજારનો દંડ

**દંડ** ભરવા આનાકાની કરનાર કોન્ટ્રાક્ટરને કાયદેસરની નોટિસ અપાતા આખરે નમવું પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં પ્રશાસન અથવા ટ્રાફિક પોલીસની પૂર્વ મંજૂરી વગર જાહેર રસ્તાઓ બંધ કરી નાગરિકોને હાલાકી પહોંચાડતા તત્વો સામે વડોદરા મહાનગરપાલિકાએ કડક વલણ અપનાવ્યું છે. વોર્ડ નં. 13 વિસ્તારમાં આવેલા પિરામિતા રોડ નજીક બનેલી આવી જ એક ઘટનામાં પાલિકા તંત્રે તાત્કાલિક કાર્યવાહી કરી બિલ્ડર અને કોન્ટ્રાક્ટર સામે દંડાત્મક પગલાં ભર્યા હતા.



મળતી માહિતી મુજબ, પિરામિતા રોડ પાસે એક ખાનગી બિલ્ડર દ્વારા નવા બાંધકામની કામગીરી ચાલી રહી હતી. સ્લેબ ભરવાની કામગીરી દરમિયાન સંબંધિત કોન્ટ્રાક્ટરે ટ્રાફિક પોલીસ કે પાલિકા તંત્રની કોઈ મંજૂરી લીધા વગર મુખ્ય માર્ગ સંપૂર્ણપણે બંધ કરી દીધો હતો. આ માર્ગ શહેરનો વ્યસ્ત માર્ગ ગણાતો હોવાથી વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. રસ્તો બંધ થતાં વિસ્તારમાં ટ્રાફિકજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને લોકોમાં રોષ ફેલાયો હતો.

આ અંગેની જાણ વોર્ડ નં. 13ના વોર્ડ ઓફિસરને થતાં તેઓ ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. તપાસ દરમિયાન રસ્તો ગેરકાયદેસર રીતે બંધ કરવામાં આવ્યો હોવાનું સામે આવતા કોન્ટ્રાક્ટરને સ્થળ પર જ દંડ ભરવા માટે સૂચના આપવામાં આવી હતી. જોકે શરૂઆતમાં બિલ્ડર અને કોન્ટ્રાક્ટરે દંડ ભરવાનો ઈનકાર કરી તંત્ર સાથે આનાકાની કરી હતી. ત્યારબાદ વોર્ડ ઓફિસરે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નોટિસ ફટકારી હતી. પાલિકાની કડક કાર્યવાહી અને નોટિસની ગંભીરતા સમજાતા આખરે બિલ્ડર-કોન્ટ્રાક્ટરે નમતું જોખવું પડ્યું હતું. પાલિકા દ્વારા ગેરકાયદેસર રીતે રસ્તો બંધ કરવા બદલ 5 હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ મામલે પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં વિકાસ અને બાંધકામની કામગીરી જરૂરી છે, પરંતુ નાગરિકોની સુવિધાને અસર પહોંચે તે રીતે નિયમોનો ભંગ કરવામાં આવશે તો તેને સહન કરવામાં આવશે નહીં. ભવિષ્યમાં પણ આવી બેદરકારી સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી છે.

## NH-૪૮ પર ઝીરો ફેટાલિટી કોરિડોરનો પ્રારંભ

# અકસ્માતમાં મૃત્યુદર ઘટાડવા ૬૫ કિમીમાં ખાસ વ્યવસ્થા, ૩૦ ખાનગી હોસ્પિટલ જોડાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરા શહેર સહિત રાજ્યભરમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને પગલે નેશનલ હાઈવે - 48 પર ઝીરો ફેટાલિટી કોરિડોર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ મહત્વાકાંક્ષી પહેલનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુઆંકને શૂન્ય સુધી લઈ જવાનો અને અકસ્માતગ્રસ્તોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવાનો છે.




તાજેતરમાં નેશનલ હાઈવે 48 પર સર્જાયેલા ગંભીર બસ અકસ્માતમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા બાદ માર્ગ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા આ પ્રોજેક્ટ અમલમાં મૂકાયો છે. આ કોરિડોર અંતર્ગત હાઈવેના આશરે 65 કિલોમીટરના વિસ્તારને આવરી લેવાયો છે, જે અરવલ્લીથી વલસાડ સુધીના નેશનલ હાઈવે-48 માર્ગ પર કાર્યરત રહેશે. પ્રોજેક્ટ હેઠળ માર્ગ સુરક્ષા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારાઓ કરવામાં આવશે. અકસ્માત સમયે ઝડપી બચાવ કામગીરી અને તાત્કાલિક સારવાર સુનિશ્ચિત કરવા માટે વિશેષ વ્યવસ્થા ઉભી કરાશે. અકસ્માતગ્રસ્તોને ગોલ્ડન અવરમાં સારવાર મળી રહે તે માટે 30 ખાનગી હોસ્પિટલોને પણ આ અભિયાન સાથે જોડવામાં આવી છે. ઝીરો ફેટાલિટી કોરિડોરના લોન્ચિંગ પ્રસંગે વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, સાંસદ હેમાંગ જોશી તથા ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે, માર્ગ સુરક્ષા, ઝડપી ઈમરજન્સી રિસ્પોન્સ, બ્લેક સ્પોટ સુધારણા અને જનજાગૃતિ જેવા બહુઆયામી પગલાંઓ દ્વારા અકસ્માતોમાં થતી જાનહાનિ ઘટાડવાનો પ્રયાસ કરાશે. આ પહેલ માર્ગ સુરક્ષાની દિશામાં એક મહત્વપૂર્ણ અને નક્કર પગલું માનવામાં આવી રહી છે.

# વ્યાજખોરના ત્રાસથી કંટાળી રિક્ષા ચાલક ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શહેરમાં ગેરકાયદે વ્યાજખોરીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સતત વ્યાજની ઉઘરાણી, માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળેલા એક રિક્ષાચાલકે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.



રિક્ષાચાલક રાજુભાઈ ઠાકોરે કેટલાક સમય અગાઉ માંજલપુર વિસ્તારમાં રહેતા એક શખ્સ પાસેથી રૂપિયા લીધા હતા. ત્યારબાદ આરોપી દ્વારા સતત ઊંચા વ્યાજની માંગણી કરવામાં આવતી હતી. વ્યાજની રકમ ચૂકવવા છતાં વધુ નાણાંની માંગણી, ધમકીઓ તેમજ વારંવાર અપમાનજનક વર્તનથી રાજુભાઈ ભારે માનસિક રીતે તણાવમાં રહેતા હતા. આરોપી દ્વારા રાજુભાઈ પર સતત દબાણ કરવામાં આવતું હતું અને તેને શારીરિક તેમજ માનસિક રીતે હેરાન કરવામાં આવતો હતો. આ ત્રાસથી કંટાળીને રાજુભાઈએ ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સારવાર દરમિયાન તેમનું મોત થતાં પરિવારે આરોપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. ઘટનાની જાણ થતાં અટલાદરા પોલીસ હરકતમાં આવી હતી અને સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી. મૃતકના પરિવારજનોના નિવેદન તથા ઉપલબ્ધ પુરાવાના આધારે રિક્ષાચાલકને આપઘાત કરવા મજબૂર કરનાર વ્યાજખોર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે કેસના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

## પરીક્ષા કેન્દ્રો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત, હાઈ સિક્યુરિટી વ્યવસ્થા

# આજે નીટ યુજી પુનઃ પરીક્ષા, વડોદરાના ૧૭ કેન્દ્રો પર ૬૦૪૮ વિદ્યાર્થીઓ આપશે

**પરીક્ષાના** સમયમાં વધારો, વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન નંબર 14416 પણ શરૂ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

નીટ યુજી 2026ની પુનઃ પરીક્ષા 21 જૂને યોજાશે. પરીક્ષા પારદર્શક અને સુરક્ષિત રીતે યોજાય તે માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને સ્થાનિક તંત્ર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. વડોદરાના 17 પરીક્ષા કેન્દ્રો પર કુલ 6048 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. તમામ કેન્દ્રોને 24 કલાક પહેલાંથી જ હાઈ સિક્યુરિટી ઝોન જાહેર કરવામાં આવ્યા છે અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

એનટીએ દ્વારા પરીક્ષા પ્રક્રિયામાં કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. પરીક્ષાનો સમય હવે 180 મિનિટના બદલે 195 મિનિટ રાખવામાં આવ્યો છે. વધારાની 15 મિનિટ દરમિયાન હાજરી, બાયોમેટ્રિક ચકાસણી અને અન્ય જરૂરી પ્રક્રિયાઓ પૂર્ણ કરવામાં આવશે. રફ વર્ક માટે વિદ્યાર્થીઓને હવે 4 પેજ આપવામાં આવશે, જેમાં 2 પેજ પ્રશ્નપત્રની શરૂઆતમાં અને 2 પેજ અંતમાં હશે.

ગેરરીતિ અટકાવવા તમામ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને મેટલ ડિટેક્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે. સીસીટીવીનું લાઈવ રેકોર્ડિંગ સુરક્ષિત ડિજિટલ સ્ટોરેજમાં સાચવવામાં આવશે. પ્રશ્નપત્રોની સુરક્ષા માટે અલગ-અલગ સેટ કોડ અને કડક સુરક્ષા પ્રોટોકોલ અમલમાં મૂકાયા છે.

વિદ્યાર્થીઓના માનસિક તણાવને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય સ્તરે 'ટેલી-માનસ' હેલ્પલાઈન નંબર 14416 શરૂ કરવામાં આવ્યો છે. આ નંબર પર પરીક્ષાર્થીઓ કાઉન્સેલિંગ અને માર્ગદર્શન મેળવી શકશે. ઉપરાંત, પરીક્ષા સંચાલન વધુ સુવ્યવસ્થિત અને પારદર્શક બને તે માટે એનટીએ દ્વારા ખાસ તાલીમ કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે.

# NEET-UG પરીક્ષા, MSU ખાતે કડક સુરક્ષા વ્યવસ્થા, CCTVથી સજ્જ કેન્દ્રોની સઘન ચકાસણી

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

દેશભરમાં મેડિકલ પ્રવેશ માટેની સૌથી મોટી નીટ યુજીની પરીક્ષા રવિવારે યોજાશે. પરીક્ષાને પારદર્શક, સુરક્ષિત અને ક્ષતિરહિત બનાવવા એનટીએ અને વડોદરા વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

દેશભરમાં મેડિકલ પ્રવેશ માટેની સૌથી મોટી અને સતત વિવાદોના કેન્દ્રમાં રહેલી નીટ યુજીની પરીક્ષા રવિવારે યોજાશે. આ મહત્વપૂર્ણ પરીક્ષાની સંપૂર્ણ પણે પારદર્શક અને સુરક્ષિત અને ક્ષતિરહિત બનાવવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એનટીએ અને વડોદરા ના સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના અત્યંત પગલાં લેવામાં આવ્યા છે. આ પરીક્ષા પૂર્વે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ની કોમર્સ ફેકલ્ટી તથા એમકોમ બિલ્ડીંગ ખાતે અધિકારીઓ દ્વારા બેઠક વ્યવસ્થા તેમજ સીસીટીવી કેમેરા સહિતની તમામ વ્યવસ્થાની સઘન ચકાસણી કરવામાં આવી હતી.એનટીએ દ્વારા લેવાયેલા કડક પગલાં અંતર્ગત સ્થાનિક પોલીસ વિભાગ દ્વારા પણ પરીક્ષા કેન્દ્રોની આસપાસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આવતીકાલે સમગ્ર દેશ સાથે વડોદરા શહેરમાં યોજનારી નીટ યુજીની પરીક્ષા અંતર્ગત એમ.એસ. યુનિવર્સિટીના કેન્દ્ર પર આશરે 1600 જેટલા પરીક્ષાર્થીઓ પોતાના ભવિષ્ય માટે પરીક્ષા આપવાના છે. પરીક્ષાના ચુસ્ત માળખા અને યુનિવર્સિટીની વહીવટી સજ્જતા અંગે કોમર્સ ફેકલ્ટીના ડીન પ્રજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે, નીટની જે પરીક્ષા થવા જય રહી છે. એની માટે આ વખતે ખૂબ કડક સુરક્ષા વ્યવસ્થા અને બોવ સારામાં સારી વ્યવસ્થાઓ સરકાર તરફથી કરવામાં આવી છે. એના ભાગરૂપે એમ.એસ. યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ કોમર્સમાં જે સેન્ટર છે એના માટે અત્યારે વ્યવસ્થા જોવા પરીક્ષા પૂર્વે કલેક્ટર કચેરી માંથી અને પોલીસ વિભાગમાંથી અધિકારીઓ આવ્યા હતા. પરીક્ષા વ્યવસ્થિત રીતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ તકલીફ ઊભી ન થાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.



## શહેર કાગળ પર નહીં, ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી દેખાય તેવું આયોજન કરવાની માંગ

# જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં જનહિતના પ્રશ્નો ગુંજ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં વિવિધ વિસ્તારોના ધારાસભ્યોએ જનહિતના પ્રશ્નોની રજૂઆત કરી હતી. કલેક્ટરે સંબંધિત વિભાગોના અધિકારીઓને લોકોના પ્રશ્નોનો સમયસર અને અસરકારક ઉકેલ લાવવા સૂચના આપી હતી.

બેઠકમાં ધારાસભ્ય શૈલેષ મહેતા, અક્ષય પટેલ, ચૈતન્યસિંહ ઝાલા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને કેયુર રોકડિયાએ પોતાના મતવિસ્તારોની સમસ્યાઓ રજૂ કરી હતી. પીવાના પાણી, કેનાલની સફાઈ અને મરામત, જમીન માપણી, બિસ્માર માર્ગો, ટ્રાફિક, શાળાઓના બાંધકામ, વરસાદી પાણીના નિકાલ, વીજ પુરવઠો અને આવાસ સંબંધિત મુદ્દાઓ મુખ્ય રહ્યા હતા.

## ધારાસભ્યોએ પાણી, રસ્તા, વીજળી અને આવાસ સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા



**પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા** દ્વારા પાદરા વડોદરા રોડ પર સર્જાતા ટ્રાફિકની સમસ્યા, સોનારકુઇમા ગટર લાઇનના પ્રશ્નો, આવાસ યોજનાના મકાનોની ફાળવણી, પાદરા તાલુકાના પાવડા ગામે મોબાઇલ નેટવર્કની સમસ્યા, પાદરા જંબુસર રોડ બનીને તૈયાર થઈ ગયો છે પરંતુ આ રોડ ની બંને તરફ વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવી નથી તે માટેનું આયોજન કરવામાં આવે જેવા મુખ્ય મુદાઓ વિષે રજૂવાત કરવામાં આવી હતી.



**કરજણના ધારાસભ્ય અક્ષય પટેલે** જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોને સ્પર્શતા અનેક મહત્વના પ્રશ્નોની રજૂઆત કરી હતી. તેમણે ખેડૂતોને વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાની સમસ્યાનો ત્વરિત નિકાલ લાવવા માંગ કરી હતી. ઉપરાંત લાંબા સમયથી બંધ પડેલા નર્મદા કેનાલના કામને વહેલી તકે ફરી શરૂ કરવા તેમજ ચોમાસા પહેલાં પ્રિ-મોન્સૂન કામગીરી ઝડપથી પૂર્ણ કરવા રજૂઆત કરી હતી.



**ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા** દ્વારા સેગુવાડા ગામે કડિયાપુરા માઇનોર કેનાલ પર ખાનગી બિલ્ડર દ્વારા પ્લોટ વેચવામાં આવી રહ્યા છે, જે અંગે SSNL વિભાગની પોલીસ અરજી બાદની કાર્યવાહીની પૃચ્છા કરાઈ, મારેઠા ગામે 65 નવીન આવાસ મંજૂર થયા છે, પરંતુ લાભાર્થીઓ જે પ્લોટ પર રહે છે તે ગામતળ તરીકે નીમ ન હોવાથી આવાસની કામગીરી અટકેલી છે, ડભોઈ નગરમાં 80 બેડની મંજૂર થયેલી CHC બનાવવા માટે જગ્યા ફાળવણીની મંજૂરી બાકી છે



**વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ** જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં વિવિધ જનહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. તેમણે અનગઢ ગામમાં નવી ફ્રેન્ચવેલ બનાવવાની માંગ કરી હતી. ઉપરાંત કોટંબી-જરોદ રોડ પર GEB દ્વારા ઉભા કરાયેલા લાઈટના પોલના કારણે બંધ થયેલો રસ્તો ફરી શરૂ કરવા રજૂઆત કરી હતી. ખેડૂતોને જુવારના બાકી નાણાં ઝડપથી ચૂકવવામાં આવે તેમજ બસ સ્ટેશન અને બસ સેવા વહેલી તકે શરૂ કરવામાં આવે.



**સયાજીગંજ ના ધારાસભ્ય કેયુર રોકડિયા** દ્વારા ગોરવા અને લક્ષ્મીપુરા રોડ પર લોકો ઉનાળામાં લાઇટનો મહત્તમ ઉપયોગ કરે છે જે માટે અંકોડિયા પાસે જેટકો દ્વારા કોર્પોરેશન પાસે જગ્યા માંગવામાં આવી હતી ત્યાં પૈસા ભરીને ૬ મહિનાની અંદર નવું સબ સ્ટેશન શરૂ કરવામાં આવે, વડોદરાને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા માટે લોકોને મકાનની ફાળવણી કરવી, ટ્રાઇડન્ટ કોમ્પલેક્ષ પાસે એસટી વિભાગની જગ્યા છે ત્યાં જૂના જર્જરિત આવાસો છે તેને તોડીને નવું બસ ડેપો બનાવો.